નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૨
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર.

તા. ૨૭.૦૪.૨૦૨૧

# // પરિપત્ર //

**વિષય: નિગમ ધ્વારા જુદી જુદી યોજના અન્વયે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ / શેડ / રહેણાંક પ્લોટ /આવાસો/ વાણિજ્ય પ્લોટ / મિલકતો વિગેરેના વ્યાજના દરમાં સુધારણા બાબત...**

**સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૩૧/૪૨૪/૯૪ તા.૦૪/૦૪/૯૪**
**(૨) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૪૦ તા.03/૧૦/૨૦૧૨**
**(3) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૦૦૯ તા. ૧૯/૦૯/૨૦૨૦**
**(૪) નિગમની ૫૧૧ મી સભાનો ઠરાવ ક્રમાંક 03/હિસાબ/૫૧૧ તા: 30/03/૨૦૨૧**

નિગમના ઉપરોક્ત પરિપત્રોના સંદર્ભમાં જુદી જુદી વસાહતોના વ્યાજના દરોમાં વખતો વખત ફેરફાર કરવામાં આવેલ છે. સંદર્ભ: **3** ના પરિપત્રથી નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે આ દર વાર્ષિક ૧૦.૦૦% મુજબ નિયત કરવામા આવેલ છે.

નાણાંકીય વર્ષ: ૨૦૨૧-૨૨ ના વ્યાજના દરની સમીક્ષા કરવા નિગમની તા.30/03/૨૦૨૧ ના રોજ મળેલ ૫૧૧ મી સભામાં ઠરાવવામાં આવ્યા મુજબ નિગમ ધ્વારા નાણાંકીય વર્ષ: ૨૦૨૧-૨૨ દરમિયાન ફાળવવામાં આવનાર તમામ મિલકતો જેવી કે, ઔદ્યોગિક પ્લોટ, ઔદ્યોગિક શેડ, રહેણાંક પ્લોટ / રહેણાંક ક્વાર્ટર, વાણિજ્યપ્લોટ, વણિજ્ય બાંધકામ તથા અન્ય સુવિધાઓ માટેના મકાનો વિગેરેની બાકી રકમો ઉપર વસુલવામાં આવતો વ્યાજનો દર નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(૧) રાષ્ટ્રીયકૃત બેંકો ધ્વારા નિયત કરવામાં આવતા ધીરાણના દરો, નિગમ ધ્વારા અગાઉ નિયત કરેલ દરો વગેરે બાબતો વિચારણામાં લઈને નિગમના નિયામક મંડળની મંજુરી અનુસાર નાણાંકીય વર્ષ: ૨૦૨૧-૨૨ નો નિગમનો વ્યાજ દર ૧૦.૫૦% (સાડા દસ ટકા) નક્કી કરવામા આવે છે.

(૨) વધુમાં, નિગમની તા.૨૯/૦૯/૨૦૧૨ના રોજ મળેલ ૪૬૮ મી સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪૩/હિસાબ/૪૬૮/૨૦૧૨ થી તેમજ પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર /પોલીસી/૪૦ તા.03/૧૦/૨૦૧૨ થી નિયત કરેલ કાર્યપદ્ધતિ /નીતિ મુજબ ફાળવવામાં આવેલ/આવનાર મિલકતોમાં ફાળવણીદારો ધ્વારા ડાઉન પેમેન્ટ પેટેની રકમ ભરપાઈ કર્યાબાદ બાકી રહેતી મુડી ઉપર ફાળવણીની તારીખે જી.આઈ.ડી.સી. ધ્વારા નિયત કરાયેલ વ્યાજનો જે દર અમલમાં હોય તે દર તમામ હપ્તા દરમિયાન કાયમી રાખવાના રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી**
**જી.આઈ.ડી.સી., ગાંધીનગર.**

રવાના કર્યું

મેનેજર (મહેકમ)
જી.આઈ.ડી.સી., ગાંધીનગર.

પ્રતિ,

(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ....... જાણ સારૂ.

(3) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ....... જાણ સારૂ.

(૪) મેનેજર (એસ એન્ડ એ), જી.આઈ.ડી.સી., ગાંધીનગર તરફ જાણ સારૂ તેમજ નિગમની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવા સારૂ.